# આધ્યાત્મિક ધર્મનું પ્રતીક તિલક

ધર્મરંગ

વ્યોમા સેલર

સનાતન ધર્મમાં તિલક લગાવવાનું વિશેષ મહત્ત્વ છે. હિંદુધર્મમાં અલગ અલગ સંપ્રદાયમાં વિવિધ પ્રકારનાં તિલક લગાવવામાં આવે છે. વિભિન્ન પ્રકારનાં તિલકનું અલગ અલગ મહત્ત્વ હોય છે.

હિંદુ સનાતન ધર્મમાં તિલક લગાવવાની વિશેષ પરંપરા ચાલી આવી છે. દૈનિક જીવનમાં તિલક એક અવિભાજ્ય પ્રક્રિયા છે. પૂજાપાઠ, યજ્ઞ તથા બધાં જ અનુષ્ઠાનોમાં તિલક લગાવવામાં આવે છે. દરેક શુભ કાર્યમાં પણ તિલક લગાડવામાં આવે છે. હિંદુ ધર્મમાં માથા ઉપરાંત કંઠ, નાભિ કમળ, ભૂજાઓ પર તિલક લગાડવામાં આવે છે.

મસ્તક ઉપરાંત શરીરના અન્ય ભાગોમાં તિલક દીક્ષિત વ્યકિતઓ લગાવે છે. અલગ અલગ પ્રકારનાં તિલક જેતે દીક્ષિત વ્યક્તિઓની સંપ્રદાયની ઓળખ પૂરી પાડે છે.

તિલક લગાડવાથી ગ્રહોની ઊર્જા સંતુલિત થાય છે. મન શાંત તથા એકાગ્ર રહે છે. તિલક લગાડવાથી આધ્યાત્મિક શક્તિનો સંચાર થાય છે. પ્રભુ પ્રત્યે આદરભાવ અને આધ્યાત્મિક ભાવ ઉત્પન્ન થાય છે.

સામાન્ય રીતે તિલકની અનેક પ્રકારમાં વહેંચણી કરી શકાય છે.

**વૈષ્ણવ તિલક :** જે વ્યકિત ભગવાન વિષ્ણુ કે વિવિધ અવતારોની આરાધના કરતા હોય તેમને વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયી કહેવામાં આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન રામચંદ્ર, ભગવાન નરસિંહદેવ, ભગવાન વામનદેવ વગેરે વૈષ્ણવ સંપ્રદાયના આરાધ્ય દેવ છે. વૈષ્ણવ તિલક પીળા રંગ કે ગોપીચંદનનું હોય છે. ઉધ્વપુન્દ્ર વૈષ્ણવ તિલક પવિત્ર નદીઓની કિનારાની માટી સાથે એક અથવા વધુ ઊભી રેખાઓ કે ચંદનની આકૃતિવાળું તિલક. સાધુઓ તથા ધાર્મિક લોકો ધાર્મિક ચિહ્ન તરીકે તિલક કરે છે. તે વ્યકિતની આધ્યાત્મિક જાગૃતિમાં મદદ કરે છે. તિલક લગાવવું એ શુભતાની નિશાની છે તથા ધાર્મિક વિધિના મહત્ત્વને દર્શાવતું ચિહ્ન છે.



**હિંદુ સનાતન ધર્મમાં તિલક લગાવવાની વિશેષ પરંપરા ચાલી આવી છે. દૈનિક જીવનમાં તિલક એક અવિભાજ્ય પ્રક્રિયા છે. પૂજાપાઠ, યજ્ઞ તથા બધાં જ અનુષ્ઠાનોમાં તિલક લગાવવામાં આવે છે. દરેક શુભ કાર્યમાં પણ તિલક લગાડવામાં આવે છે**

અનામિકા આંગળી વ્યકિત અને પ્રતિબદ્ધતા સાથે સંકળાયેલી છે. દેવી વ્યક્તિઓ પર તિલક લગાવવા માટે સૌથી યોગ્ય માનવામાં આવે છે.

તિલક ઘણી વાર ચોખા સાથે ભેળવવામાં આવે છે. ચોખા કપાળ પર રહે તેને આસપાસના કોઈ પણ પ્રકારની દુષ્ટતાનો તથા વિનાશક વિચારોનું નાશ કરનાર પ્રતીક માનવામાં આવે છે.

**શૈવતિલક:** ભગવાન ભોળાનાથ શિવજીના ઉપાસક શૈવપંથી કહેવાય છે. ભગવાન શંકરની પૂજા-પાઠ સાત્ત્વિક ગૃહસ્થથી લઈને તાંત્રિક અઘોરીઓ કરે છે. તેઓ ત્રિપુંડ તિલક કપાળ પર ધારણ કરે છે. અંગો પર ભસ્મનો લેપ કરે છે. તિલક જીવન અને મૃત્યુના શાશ્વત ચક્રને દર્શાવે છે. શિવ તિલક કાળા રંગનું કે લાલ રંગનું કરવામાં આવે છે.

**બ્રહ્મ તિલક :** બ્રાહ્મણ લોકો કે મંદિરના પૂજારીઓ દ્વારા આ પ્રકારનું તિલક સામાન્ય રીતે કરવામાં આવે છે. જે લોકો બ્રહ્માજીના ઉપાસક કે પૂજાપાઠ કરે છે તેઓ સામાન્ય રીતે બ્રહ્મ તિલક લગાવે છે. સફેદ રંગ શુદ્ધતાનું દર્શન કરાવે છે માટે બ્રાહ્મણ વ્યકિતઓ આ પ્રકારનું તિલક ધારણ કરે છે.

**કુમકુમ તિલક :** આ તિલક શકિત તિલક તરીકે પણ માનવામાં આવે છે. જે આદ્યશકિત ભવાનીની ઉપાસના કરે છે તે આ પ્રકારનું તિલક ધારણ કરે છે. દેવી શકિતના ઉપાસક કુમકુમ (કંકુ)નું બિંદુ જેવું લાલ રંગનું તિલક કરે છે. બિંદુ તિલક માતા પાર્વતીની શકિતનું પ્રતીક છે.



**કેસરી તિલક :** સિંદૂર કલરના તિલક સામાન્ય રીતે હનુમાનજીને કરવામાં આવે છે. હનુમાનજીના ઉપાસક ભક્તો પણ પોતાની આસ્થા, શ્રદ્ધા પ્રગટ કરવા માટે કેસરી તિલક ધારણ કરે છે.

**રાજતિલક કે વીરતિલક:**

જ્યારે કોઈ રાજાના વંશ કે તેના ઉત્તરાધિકારી રાજ્યાભિષેક કરે ત્યારે તેમને રાજમુગટના પ્રસંગે રાજ તિલક કરવામાં આવે છે.

જ્યારે કોઈ વીરપુરુષ રણસંગ્રામમાં યુદ્ધે ચઢવા જાય છે કે વિજય પ્રાપ્ત કરીને આવે છે ત્યારે તેમને વીર તિલક કરવામાં આવે છે.

**તિલક લગાવવા માટેના નિયમોનું પાલન કરવું જરૂરી છે.**

1. સ્નાન કર્યા વગર તિલક લગાવવું ન જોઈએ.
2. તિલક લગાવીને સૂવું ન જોઈએ એવી હિંદુ ધર્મમાં માન્યતા છે.
3. પોતાના ઈષ્ટદેવને તિલક લગાડયા પછી જ આપણે તિલક ધારણ કરવું જોઈએ.

# મનેર માનુષથી અંતર

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લાના, લાલગોલા તાલુકાના, ખાંદુવા ગામના સીમાડે પ્રખ્યાત પદ્મા નદીના પશ્ચિમ કાંઠે, ધીરચાંદ બાઉલનો આશ્રમ છે. પદ્મા નદી વળોટો એટલે સામે બાંગ્લાદેશનો રાજાશાહી જિલ્લો આવી જાય! એવા આંતરરાષ્ટ્રીય સરહદ પર બેઠેલા બાઉલનો આ આશ્રમ છે! ત્યાં મને રણવીર મંડલ લઈને આવ્યા હતા.

અનેક વ્યક્તિઓ આ બાઉલના આશ્રમે બેઠી હતી. સામે પદ્માનું જળ મંથર ગતિએ વહી રહ્યું હતું. તે સમયે એક વ્યક્તિએ પૂછ્યું, ''બાઉલ! મનેર માનુષનું મિલન થઈ જાય પછી તેનાથી કેટલા છેટા જઈએ તો ચાલે?''

બાઉલ મજાકમાં બોલ્યા, ''આમ તો મનેર માનુષની સાથે ન જોડાઈએ તોય ચાલે! અનેક માણસો જન્મી, પ્રજનન કરી, જરૂરી અનાજ ખાઈ-પી, ચિતા પર ચડી ગયા છે! તે ઘટનાથી નથી મનેર માનુષ (આદર્શ વ્યક્તિ)ને નુકસાન થયું કે નથી તે માણસોને કશી ખોટ પડી!''

પછી ગંભીર થઈ અને બોલ્યા, ''...પણ જેણે મનેર માનુષને ભાળી લીધો અથવા તેની ઝલક મળી ગઈ, તેવી વ્યક્તિએ તો તેનાથી તસુભર પણ દૂર ન રહેવું! સાવ અડોઅડ રહેવું!''

પ્રશ્નકર્તાએ કહ્યું કે કંઈક વિગતવાર સમજાવો.

બાઉલ બોલ્યો, ''ઠીક છે, વિગતવાર સમજાવું, પણ તે પહેલાં તમે મારું એક કામ કરશો?''



પેલો માણસ બોલ્યો, ''હા.''

બાઉલે કામ ચીંધ્યું, ''સામે દરવાજા પાસે મારી લાકડી પડી છે અને અંદરની ઝૂંપડીમાં મારું ગોપીયંત્ર છે તે લાવી આપો. લાકડી ડાબા હાથમાં અને ગોપીયંત્ર જમણા હાથમાં લાવજો!''

પેલો માણસ બંને વસ્તુઓ લાવી અને બાઉલ પાસે મૂકવા લાગ્યો.

બાઉલે કહ્યું, ''જમણા હાથની પહેલી આંગળીથી ધૂળમાં તમારું નામ લખો.'' પેલા માણસે તે લખ્યું.

બાઉલે કહ્યું, ''હવે ડાબા હાથથી તમારું નામ લખો!'' પેલા માણસને લખવામાં બહુ મુશ્કેલી પડી પરંતુ તેણે ગમે તે રીતે નામ લખ્યું.

બાઉલ બોલ્યો, ''જમીન પર ધૂળમાં, બંને પગના અંગૂઠાથી એક સીધી લીટીમાં છ છ ટપકાં કરો!''

પેલા માણસે તેમ કર્યું, જમણા પગના અંગૂઠા વડે ટપકાં એક લીટીમાં થયાં, ડાબા પગનાં આડાઅવળાં થયાં.

બાઉલે કહ્યું, ''ડાબા કાનથી આશ્રમના બગીચામાં બોલતી કોયલનો અવાજ સાંભળો અને જમણા કાનથી રસોડામાં રંધાતા ભાતનો અવાજ સાંભળો!''

પેલો માણસ મુંઝાયો. તે બોલ્યો, ''બાઉલ! એવું કઈ રીતે થઈ શકે? કાન તો બંને એકીસાથે અને એક સરખું જ સાંભળે!''

બાઉલ બોલ્યા, ''કશો વાંધો નહીં. ડાબી આંખથી આશ્રમના બગીચામાં ઉગેલ આંબો જુઓ અને જમણી આંખથી રંધાતા ભાતનો રંગ નિહાળો!''

**પેલો માણસ મુંઝાયો. તે બોલ્યો, ''બાઉલ! એવું કઈ રીતે થઈ શકે? કાન તો બંને એકીસાથે અને એક સરખું જ સાંભળે!'' બાઉલ બોલ્યા, ''કશો વાંધો નહીં. ડાબી આંખથી આશ્રમના બગીચામાં ઉગેલ આંબો જુઓ અને જમણી આંખથી રંધાતા ભાતનો રંગ નિહાળો!''**

પેલા માણસે અકળાઈને પૂછ્યું, ''બાઉલ! તે કઈ રીતે થઈ શકે? આંખ તો બંને સાથે જ કામ કરે અને એક સરખું જ જોઈ શકે!''

હવે બાઉલ હસવા લાગ્યો અને બોલ્યો, ''ભાઈ મનેર માનુષ આપણા હૃદયમાં વાસ કરે છે! જુઓ, આંખ-કાન તેની સાવ ઢુંકડા છે. તેથી તે બંને, કોઈ પ્રકારના ભેદ વગર એક સરખું સમાન જોઈ અને સાંભળી શકે છે! તે વિગતને વફાદારીથી મનેર માનુષ પાસે રજૂ કરે છે! નાકના નસકોરાનું પણ તેવું જ છે.'' પછી થોડું રોકાઈને બાઉલ બોલ્યા, ''બંને પગ જુદા જુદા ચાલે છે, બંને હાથ જુદા જુદા કામ કરે છે, આમ જુઓ તો તે બંને શરીરનાં જ અંગ છે તો પણ તે અલગ અલગ કામ કઈ રીતે કરી શકે છે?''

પછી રહસ્યોદ્ઘાટન કરતા હસતા હસતા બોલ્યો, ''આંખ અને કાન કરતાં મનેર માનુષના વડા મથકથી હાથ અને પગ ભૌતિક રીતે માત્ર એકાદ બે ફૂટ દૂર ગયા ત્યાં તો તેના વર્તન, આચાર અને વિચારમાં આટલો બધો ફરક પડી ગયો. તમે સમજ્યા? એટલે જ કહું છું કે મનેર માનુષથી શક્ય હોય તો તસુભર પણ દૂર ન જવું!''

પ્રશ્નકર્તા સંતોષના ભાવથી બાઉલ સામે જોઈ રહ્યો.